# અમાવસ્યા બાદ આવ્યા શુભ દિવસો

ગાંધીનગર, તા.૨૦

જેઠ મહિનાથી શરૂઆત થઈ ગઈ છે. આ મહિનો આપણને પાણી બચાવવાનો સંદેશ આપે છે, કારણ કે આ દિવસોમાં ગરમી ખૂબ જ હોય છે. પાણીના મોટાભાગના સ્ત્રોતો (નદીઓ, તળાવ, કૂવા વગેરે) સુકાઈ જાય છે. આવી સ્થિતિમાં આપણે પાણીના દરેક ટીપાંને બચાવવા જોઈએ.

જેઠ માસ આપણને પાણીનું મહત્ત્વ સમજાવે છે. ગંગા દશેરા અને નિર્જલા એકાદશી પણ આ માસમાં જ આવે છે.

જેઠ સુદ ત્રીજ ૨૨ મેના રોજ છે, તેને 'રંભાતીજ' કહેવામાં આવે છે. આ તિથિ પર મહિલાઓ પોતાના પતિના લાંબા આયુષ્ય, સ્વાસ્થ્ય અને સૌભાગ્ય માટે વ્રત રાખે છે. તેઓ શિવ-પાર્વતીની પૂજા કરે છે. એવું માનવામાં આવે છે કે અપ્સરા રંભાએ પણ આ વ્રત રાખ્યું હતું. આથી આ તિથિને રંભાતીજ કહેવામાં આવે છે.

અંગારક વિનાયકી ચતુર્થી ૨૩ મેના રોજ છે. જ્યારે ચતુર્થી મંગળવારે આવે છે ત્યારે તેનું મહત્ત્વ વધી જાય છે. આ તિથિએ મહિલાઓ ભગવાન ગણેશનું વ્રત કરે છે.

૨૫મી મેથી નવતપ શરૂ થઈ રહ્યો છે, જે ૩જી જૂન સુધી ચાલશે. નવતપમાં સૂર્ય તેની પૂર્ણ અસરમાં છે, ગરમી વધુ રહે છે. આવી સ્થિતિમાં આપણે આપણા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. ખાવા-પીવામાં એવી વસ્તુઓનું સેવન કરો, જેનાથી શરીરને ઠંડક મળે. એવા કપડાં પહેરો કે જેનાથી તમને વધારે ગરમી ન લાગે. સીધા સૂર્યપ્રકાશમાં લાંબા સમય સુધી ઊભા ન રહો.

ગંગા દશેરા ૩૦ મેના રોજ છે. આ દિવસે ગંગાનદીની વિશેષ પૂજા કરવામાં આવે છે. ભક્તો નદીમાં સ્નાન કરે છે અને સ્નાન કર્યા પછી નદીના કિનારે દાન કરે છે.

વર્ષની સૌથી મોટી એકાદશી ૩૧મી મેના રોજ 'નિર્જલા એકાદશી' છે. આ એકાદશીનું મહત્ત્વ સૌથી વધુ છે. એવું માનવામાં આવે છે કે આ એક દિવસનું વ્રત રાખવાથી વ્યક્તિને વર્ષની તમામ એકાદશીઓ પર ઉપવાસ કરવાથી જે પુણ્ય મળે છે તેટલું જ પુણ્ય મળે છે. નિર્જલા એકાદશી પાણી વિના કરવામાં આવે છે. ઉપવાસ કરનારા લોકો આખો દિવસ પાણી પીતા નથી. ઉનાળામાં આવા વ્રતનું પાલન કરવું એ તપસ્યા સમાન છે.

નવતપ ૩ જૂને પૂર્ણ થશે. આ દિવસે પૂર્ણિમાના વ્રત રાખવામાં આવશે. આ મહિને પૂર્ણિમા બે દિવસ રહેશે. ૪ જૂને પૂર્ણિમા હોવાથી આ દિવસે નદીસ્નાન અને દાન કરવામાં આવશે. સંત કબીરની જન્મજયંતિ ૪ જૂને ઉજવવામાં આવે છે.

**૩૧મીએ વર્ષની સૌથી મોટી નિર્જલા એકાદશી અને ૪ જૂને કબીર જયંતી**



# સાયન્સ સિટી ખાતે વિશ્વ મધમાખી દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૦

વિશ્વ મધમાખી દિવસ લોકોને મધમાખીના મહત્વ અને પર્યાવરણ પર તેમની ઊંડી અસર વિશે શિક્ષિત કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે ઉજવવામાં આવે છે. મધમાખી વિશ્વભરમાં ઈકોસિસ્ટમના નિર્માણ અને જાળવણીમાં ફાળો આપે છે. સાયન્સ સિટી નેચર કલબ (ઈકો લાઈફ) તથા ટ્રી વોક ગ્રુપ દ્વારા ૨૦ મે, ૨૦૨૩ના રોજ સાયન્સ સિટી ખાતે "વિશ્વ મધમાખી દિવસ"ની ઉજવણી કરવામાં આવી. આ વર્ષની સંયુક્ત રાષ્ટ્રની થીમ "બી એન્ગેઝ્ડ ઈન પોલિનેટર-ફ્રેન્ડલી એગ્રીકલ્ચર પ્રોડક્શન" હતી. શહેરી વિસ્તારમાં જૈવવિવિધતા વધારવા માટે, મધમાખીઓ વૃક્ષો સાથે સંયુકત રીતે નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેને એક ઉદાહરણ તરીકે સમજીએ તો, મધમાખીઓ લગભગ ૭૫% પરાગનયનમાં ફાળો આપે છે. ૨૦૦ પ્રકારની મધમાખીઓમાંથી માત્ર ૫ પ્રકારની મધમાખીઓ મધપૂડા (મધ) બનાવવામાં સક્ષમ છે. કમનસીબે, હાલમાં મધમાખીઓની વસ્તી ઘટી રહી છે. આ મહત્વપૂર્ણ પરાગ રજકો માટે જાગૃતિ લાવવા અને સંરક્ષણના પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે વિશ્વ મધમાખી દિવસની ઉજવણી કરવામાં આવે છે. કુદરતની ઈકોસિસ્ટમના મહત્વ અને નાના જંતુઓની નિર્ણાયક ભૂમિકાને સમજીને, સાયન્સ સિટી નેચર કલબ (ઈકો લાઈફ) તથા ટ્રી વોક ગ્રુપ દ્વારા ૨૦ મે, ૨૦૨૩ના રોજ સાયન્સ સિટી ખાતે "વિશ્વ મધમાખી દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમકમાં ટ્રી વોક ગ્રુપના આશરે ૫૦ સભ્યો અને અલગ અલગ રાજયમાંથી આવેલા ૬૦ જેટલા YUVIKA વિદ્યાર્થીઓ (વર્ષ ૨૦૨૩ માટે ISROના યુવા વિજ્ઞાની કાર્યક્રમ)એ ભાગ લીધો હતો. કાર્યક્રમ બાદ, રૂેંફૈંદ્બછ વિદ્યાર્થીઓને સાયન્સ સિટી ખાતે વૈશ્વિક કક્ષાના પ્રદર્શનો નિહાળવાની તક મળી હતી. કાર્યક્રમમાં વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં વિવિધ સામગ્રીનો ઉપયોગ કરીને અર્બન એરીયામાં મધમાખી આશ્રયસ્થાન તથા વોટર સ્ટેશન બનાવતા શિખવાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત સહભાગીઓને કૃત્રિમ આશ્રયસ્થાન બનાવવાની કીટ આપવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓનો ઉદ્દેશ્ય મધમાખીઓના મહત્વ અને તેમના સંરક્ષણ પ્રયાસોને પ્રકાશિત કરવાનો હતો જે દ્વારા લોકોને મહત્વપૂર્ણ પરાગ રજકોના રક્ષણમાં સક્રિયપણે યોગદાન આપવા માટે પ્રેરણા આપી શકાય.

# સોમવારે મહારાણા પ્રતાપની ૪૮૩મી જન્મજયંતિએ ભવ્ય શોભાયાત્રા યોજાશે

**ગાંધીનગરની રાજપૂત સંસ્થાઓ દ્વારા આમૂલ પરિવર્તન દિવસની ઉજવણી કરાશે : શોભાયાત્રામાં ૧૫૦થી વધુ બાઇકસવારો સાથે ખુલ્લી જીપો, કાર, ઘોડેસવારો જોડાશે : પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પ્રસ્થાન કરાવશે અને સમાપને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિહ વાઘેલા ઉપસ્થિત રહેશે**

ગાંધીનગર, તા.૨૦

ભારતની સંસ્કૃતિ, રાષ્ટ્રની અખંડિતતા અને હિન્દુત્વના રખેવાળ "મહારાણા પ્રતાપ"ની ૪૮૩મી જન્મજયંતિ આગામી જેઠ સુદ ત્રીજના, તા.૨૨મી મે, ૨૦૨૩ સોમવારે દેશભરમાં ઉજવવામાં આવશે તે સાથે ગાંધીનગરમાં પણ રાજપૂત સંસ્થાઓ દ્વારા ઉજવણીનું આયોજન કરાયું છે. આ ઉજવણીમાં સવારે ૮ કલાકે સેક્ટર-૧૨માં રાજપૂત સમાજ ભવનથી આશરે ૨૦૦ જેટલાં બાઈકસવારો સાથે ખુલ્લી જીપો, કાર, ઘોડેસવારો સાથે ડી.જે. વાહન અને વિશાળ સંખ્યામાં રાજપૂત ભાઈ-બહેનો, વિદ્યાર્થીઓ સાફા, પાઘડી સાથેના પરંપરાગત પરિધાનમાં સજ્જ થઈને વિશાલ શોભાયાત્રા યોજશે જે પેથાપુર ખાતે મહારાણા પ્રતાપની પ્રતિમા સુધી જશે. રાજ્યના પૂર્વ શિક્ષણ અને કાયદા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા શોભાયાત્રાને પ્રસ્થાન કરાવશે જ્યારે પેથાપુર ખાતે રેલીના સમાપને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત રેલીમાં ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત, વિજાપુરના ધારાસભ્ય ડો.સીજે.ચાવડા પણ જોડાશે. દેશભક્તિ, ત્યાગ, સમર્પણ, વફાદારી અને નૈતિકતાની મૂર્તિ, રાજપૂત અને હિન્દુ સંસ્કૃતિના આદર્શ પુરુષની જન્મજયંતિની ઉજવણી કરવી તે ગૌરવની બાબત છે. ગાંધીનગરમાં દર વર્ષે "મહારાણા પ્રતાપ જન્મ જયંતી" ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ, શ્રી રાજપુત સમાજ - ગાંધીનગર, ગાંધીનગર જિલ્લા રાજપુત સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગરના રાજપુત મહિલા મંડળો, રાજપૂત યુવા વિકાસ પરિષદ — ગાંધીનગર, ક્ષત્રિય યુવક સંઘ — ગાંધીનગર, શ્રી રાજપુત કરણી સેના, કરણી સેના, મહાકાલ સેના તેમજ રાજ્યના અન્ય ગાંધીનગર સ્થિત સંગઠનો દ્વારા સમગ્ર આયોજન કરાયું છે.



### શોભાયાત્રા ચ-માર્ગ પરથી પેથાપુર પંહોચશે

રાજપુત સમાજ ભવનેથી ચ-માર્ગ પર ઘ-૩ પથિકાશ્રમ સર્કલ, ઘ-૪, ઘ-૫, ઘ-૬ થઈને પેથાપુર મહારાણા પ્રતાપ સર્કલે પહોંચશે જ્યાં મહારાણા પ્રતાપ સર્કલે પહોંચશે જ્યાં મહારાણા પ્રતાપની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કરી સભા યોજવામાં આવશે. આ સભામાં વિષયાંતર ન થાય તે માટે મહારાણા પ્રતાપના શોર્ય અને આમૂલ પરિવર્તનની જ કાર્યવાહી કરવામાં આવશે. શોભાયાત્રા માટે આ તમામ કાર્યકરો, સભ્યો સવારે ૭.૧૫ કલાકે સેક્ટર-૧૨માં શ્રી રાજપૂત સમાજ ભવન ખાતે એકઠા થશે જ્યાંથી ૮ કલાકે શોભાયાત્રા સ્વરૂપે પ્રસ્થાન કરશે. આ શોભાયાત્રામાં જુદા જુદા વાહનો જેવાકે ખુલ્લી જીપો, મોટરસાઈકલ કાર, ઘોડેસવારો સાથે ડી.જે. વાહન સાથે વિશાળ સંખ્યામાં રાજપૂત ભાઈ-બહેનો, વિદ્યાર્થીઓ પરંપરાગત સાફા-પાઘડી સાથેના પરિધાનમાં પોતપોતાના વાહનોમાં શોભાયાત્રામાં જોડાશે.

# શહેરમાં ૧૦ કિ.મી. સાયકલ યાત્રા દ્વારા પર્યાવરણ બચાવોનો સંદેશ આપાયો




ગાંધીનગર, તા.૨૦

ગીર ફાઉન્ડેશન અને ફોરેસ્ટ વિભાગના સંયુક્ત ઉપક્રમે "માસ મોબીલાઈઝેશન ઓફ મીશન લાઈફ" અંતર્ગત શહેરમાં શનિવારે સવારે ૬.૩૦વાગ્યે પુનિતવન ખાતેથી સાયકલરેલીનું આયોજન કર્યુ હતું.આ સાયકલ રેલીનું જશવંતભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દ્વારા લીલી જંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

જેમાં ૧૫૦ થી વધુ લોકો જોડાયા હતા જેમાં વન વિભાગ,ગીર ફાઉન્ડેશન,દ્વઈ ના સભ્યો મોટા પાયે જોડાયા હતા અને ભારત સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલ મિશન લાઈફ ને સફળ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.



ઉનાળો દિવસે દિવસે આકરો બની રહ્યો છે. મનુષ્યો સહિત પશુ-પંખીઓ સૌ કોઈ ગરમીથી ત્રાસી ગયા છે. આપણે તો ગરમીથી ઠંડક મેળવવા આઈસક્રીમ, ઠંડા પીણા કે બરફગોળા અને ફ્રીઝનું ઠંડુ પાણી મેળવી લઈએ છીએ પરંતુ પશુ-પંખીઓ બિચારા ક્યાં જાય. કાળઝાળ ગરમીથી બચવા માટે પંખીઓ પાણી ભરેલા કુંડાઓમાં બેસી જાય છે અને ગરમીથી રાહત મેળવે છે.

# આજે 'સાંચને ના આવે આંચ" એકાંકી નાટક ભજવાશે

ગાંધીનગર, તા.૨૦

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલના "વરિષ્ઠોના વૃંદાવન" સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રફુલ્લ ભાવસાર લિખિત, પ્રકાશ લાલા અભિનિત-દિગ્દર્શિત હસતાં હસતાં સત્ય અને પ્રમાણિકતાનો મહિમા સમજાવતુ એકાંકી નાટક 'સાંચને ના આવે આંચ ' માતુશ્રી જોઈતીબા શૈક્ષણિક સંકુલ-કમ્યુનીટી હોલ,સેકટર-૭ ખાતે ભજવાશે. નાટકમાં સિનિયર સિટીઝન્સ કાઉન્સીલના સભ્યો-પરિવારના આશાબહેન સરવૈયા, કિન્નરી દવે, ફાલ્ગુની પુરાણી, મનીષા ત્રિપાઠી સાથે ગુંજન વોરા, મનન પુરાણી, હસમુખ શાહ, ગીરીશ ત્રિવેદી અને હસમુખ મેકવાન તથા પ્રકાશ લાલા અભિનયના અજવાળા પાથરશે. સંગીત સંકલન- નિરવ મેકવાન, મેકઅપ-હસુ શ્રીમાળી, સેટીંગ્સ-સુભાષ ભટ્ટ અને સાઉન્ડ-લાઈટસ-નરેશ દવેના છે. પ્રસ્તુત કાર્યક્રમ માણવા સિસિકાના સભ્યો-પરિવારજનો તેમજ વિવિધ સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા આજે ગીત - સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

સેવા અને સંસ્કૃતિના સંવર્ધન અર્થે નગરમાં કાર્યરત અને ખ્યાત સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા રવિવારે સાંજે સભ્યો માટે એક અનોખા એવા ગીત - સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. માત્ર સંસ્થાના સભ્ય પરિવારો માટે આયોજિત આ કાર્યક્રમની વિશેષતા એ છે કે તેની પ્રસ્તુતિ કરનાર સહુ કલાકારો દિવ્યાંગ છે. પ્રજ્ઞાચક્ષુ ગાયકો અને શારીરિક દિવ્યાંગ વાદકોથી શોભતો આ કાર્યક્રમ નગરમાં પ્રથમ જ વખત યોજાઈ રહ્યો છે. ટ્રસ્ટ તરફથી સભ્ય પરિવારો માટે આ વર્ષનો પ્રથમ કાર્યક્રમ છે. આવા અન્ય કાર્યક્રમો વર્ષભર યોજાઈ રહ્યા છે, એમ જણાવતાં સંસ્થાના પ્રમુખ જીલુભા ધાંધલે આગામી કાર્યક્રમો માણવા સંસ્થાનું સભ્યપદ સત્વરે મેળવી લેવા રસિક પરિવારો, નાગરીકોને અનુરોધ કર્યો છે.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# આ વર્ષે યોગ દિવસની ઉજવણી અભૂતપૂર્વ રીતે કરાશે...!!!

ગાંધીનગર, તા.૧૯

આગામી તા.૨૧મી જુને નવમો વિશ્વ યોગ દિવસ ધામધૂમથી ઉજવાશે. ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં યોગ દિવસની ભવ્ય ઉજવણી અંગે બે મહિના અગાઉથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ સંલગ્ન રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ દિવસની ઉજવણી દરેક સ્થળે નિયત પ્રોટોકોલ અનુસાર થાય તે માટે કમર કરવામાં આવી છે અને યોગ બોર્ડની મુખ્ય કચેરી છે તે જુના સચિવાલય ખાતે યોગ દિવસની કાઉન્ટ ડાઉન ઘડિયાળ પણ મુકવામાં આવી છે. વિશ્વ યોગ દિવસ એ ભારતે સમગ્ર વિશ્વને પ્રાચીન સમયથી આપેલી યોગ-પ્રાણાયામની અણમોલ ભેટને ઉજવવાનો અવસર છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્રમાં વિશ્વ યોગ દિવસ માટેના મુકેલા પ્રસ્તાવને અભૂતપૂર્વ સમર્થનને પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની શાખમાં વૃદ્ધિ થવા પામી હતી. આ કારણે વડાપ્રધાન દ્વારા યોગ દિવસની ઉજવણી ખૂબ જ ભવ્ય અને દિવ્ય થાય તે માટે ખાસ તકેદારી લેવામાં આવે છે. આ વખતે યોગ દિવસની ઉજવણી માટે વડાપ્રધાન ગુજરાત આવે અને અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ખૂબ મોટી સંખ્યામાં નાગરિકો સાથે યોગ દિવસ ઉજવાશે તેવી પણ વાતો વહેતી થવા પામી હતી પરંતુ હાલ પુરતું આ વાતોને કોઈ સત્તાવાર સમર્થન પ્રાપ્ત થયું નથી. જોકે આગામી ૨૦૨૪ની લોકસભાની ચુંટણીઓને અનુલક્ષીને આ વર્ષે વિશ્વ યોગ દિવસની ઉજવણી ભારે ભવ્યતાથી અને દિવ્યતાથી કરવામાં આવશે તે નક્કી છે. આ માટે ગુજરાત યોગ બોર્ડના યોગ નિષ્ણાંતો, યોગ કોચ, યોગ ટ્રેનર્સ સહિત યોગ કો-ઓર્ડિનેટર્સ ઘણાં સમયથી ગંભીરતાપૂર્વક યોગ પ્રોટોકોલની તાલીમ માટે યોગ શિબિરોની હારમાળા યોજી રહ્યાં છે અને નાગરિકોને અત્યારથી શારિઅને માનસિક રીતે તૈયાર કરી રહ્યાં છે.

# સેક્ટર-૨૪ ખાતે પાંચ દિવસીય નિઃશુલ્ક સ્ટેપ અપ સમર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

તાજેતરમાં મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી સેક્ટર-૨૪ ખાતે પાંચ દિવસીય સ્ટેપ અપ સમર કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ગાંધીનગરના બાળકોએ ભાગ લઈ સતત પાંચ સુધી ડ્રોઈંગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, ટેક્વોન્ડો, સેલ્ફ ડિફેન્સ, યોગા, લીંબુ ચમચી, ડ્રિલ અને શારીરિક - માનસિક ફિટનેસની વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી.

આ કેમ્પમાં ભાગ લેનાર દરેક તાલીમાર્થીઓને ગૌરવ સાથે પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કેમ્પ દરમિયાન મિલાપ ટાટારિઆ ટાઈગરે સતત પાંચ દિવસ સુધી તાલીમાર્થીઓને તાલીમ આપી હતી સાથે સાથે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું અને સ્ટેપ અપ સમર કેમ્પને સફળ બનાવ્યો હતો.

